# બાલસાહિત્ય ક્ષેત્રે એક મહત્ત્વનો સંદર્ભગ્રંથ | શ્રદ્ધા ત્રિવેદી

[**'ગુજરાતી બાળસાહિત્ય : દર્શન અને દિશા'** : લે. મોહનભાઈ શં. પટેલ, સંપા. ઈશ્વર પરમાર, ડૉ. હંસાબહેન પટેલ, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્ર.આ. ડિસે. ૨૦૦૪, પૃ. ૧૮+૨૨૨, રૂ. ૧૦૦]

જેમને પોતાનો 'સ્વ-ધર્મ' શિક્ષણ લાગ્યો છે તેવા કેળવણીકાર સ્વ. શ્રી મોહનભાઈ શં. પટેલનું 'ગુજરાતી બાળસાહિત્ય : દર્શન અને દિશા' (૨૦૦૪) એ પુસ્તક હર કોઈ શિક્ષકે વાંચવું જોઈએ એવું છે. ગિજુભાઈ, નાનાભાઈ, જુગતરામભાઈ, મૂળશંકરભાઈ વગેરેની હરોળમાં બેસે તેવું કાર્ય મોહનભાઈએ કર્યું છે. તેમને બાલસાહિત્યની ખૂબ જ ચિંતા રહેતી હતી. તેથી જ તેમણે એ સંદર્ભે અનેક રીતે ચર્ચા-વિચારણા કરી છે. પ્રસ્તુત પુસ્તક તેમના આવા ચિંતન-મનનનું પરિણામ છે.

પ્રસ્તુત પુસ્તક ચાર ભાગમાં વહેંચાયેલ છે. પણ મહત્ત્વના બે વિભાગ ગણી શકાય. (૧) ચિંતન; (૨) બાળઉછેર અને બાળશિક્ષણ. મોહનભાઈ બાલસાહિત્યની કેવી ચિંતા કરતા, કેવું ચિંતન કરતા તેનો આપણને ખ્યાલ આવે છે. આ લેખો વાંચીને થાય કે આપણે વાલીઓ-શિક્ષકો-વડીલોએ કેટલા બધા સજાગ થવાની જરૂર છે ? બાળકો, બાલસાહિત્ય માટેની તેમની નિસબત અહીં સર્વત્ર વ્યક્ત થયેલ છે. તેમના વિચારોમાં સ્પષ્ટતા છે, અંતરમાં કેટલોક વલોપાત છે ને ભાષામાં જોસ્સો છે. તે લખે છે : ''વાર્તાઓ કહેવાનું તો 'ડોશીમાઓ'ને જ આપણા સમાજે સોંપેલું. પણ હવે એવી 'ડોશીમાઓ'ને પણ ક્યાં શોધીશું ? શિક્ષણનાં આટલાં બધાં ને આવાં બધાં માધ્યમો ને સમૂહમાધ્યમો શોધાયાં છે. એ માધ્યમોને આ કામ માટે જોતરવાના તરીકા વિચારી શકાય ખરા ?'' (પૃ. ૪) આપણને વારસામાં જે વાર્તાઓ મળી છે તેમાંની ખૂબીઓ પ્રત્યે પણ તેમણે આપણું ધ્યાન દોર્યું છે. જેમ બાળક માટે પૌષ્ટિક આહાર તેમ પથ્ય વાંચનની પણ એટલી જ જરૂર છે. તે લખે છે : ''કેવળ શરીરસૌષ્ઠવ કે શરીરસંપત્તિ એ મનુષ્યના સંદર્ભે અપેક્ષિત નથી. શરીર ઉપરાંત એને મન છે, બુદ્ધિ છે. શરીર, મન અને બુદ્ધિ વડે એણે એ ત્રણેથી પર થઈ જવાનું છે, મુક્ત થઈ જવાનું છે. બાળસાહિત્ય એ માટેનું ધરુવાડિયું છે. એની માવજત પાછળ ખરચેલો પૈસો ખરચાઈ જતો નથી, 'કણમાંથી મણ' થવાની શક્યતાઓ ત્યાં જ છે. સબળ વ્યક્તિત્વનો ગુણાકાર એ જ પ્રબળ સમાજ.'' (પૃ. ૭).

મોહનભાઈ માત્ર વિચારીને અટકે તેવી વ્યક્તિ નહોતા. 'જાગરૂકતાનું આવાહન' લેખમાં લેખને અંતે તેમણે તારણો આપ્યાં છે. એકવીસમી સદીના પડકારો વિશે પણ તેમણે બહુ ઊંડાણથી વાત રજૂ કરી છે. ભાવિ બાલસાહિત્યકારો માટે અહીં માર્ગદર્શિકાનું કામ થયું છે. તેઓ ક્યાંય કશુંક ગોળગોળ કહેતા નથી. સ્પષ્ટતા અને સચોટતા, ધારદાર છતાં વિવેકપૂર્ણ શૈલી – તેમની લાક્ષણિકતા છે. તેનો અહીં બધા જ લેખોમાં પરિચય થાય છે. બાલસાહિત્ય માટેનો એમનો વલોપાત સમજવા જેવો છે : ''આપણે હજી બાળકને જ પૂરું ઓળખવાની ખખામાં નથી પડ્યા. અરે, ઓળખવાના પ્રયત્નનું પસ્તાનું પણ ક્યાં કર્યું છે ? ટીપણું ઉઘાડતાં જ કમુરતાં ટોળે વળે છે... બાળસાહિત્ય વિશે, બાળકેળવણી વિશે, બાળક વિશે હજી સમાજે ઘણું સમજવું બાકી છે.''

તેમણે સમગ્રતયા બાળસાહિત્યના સંદર્ભે બહુ વિશાળ પરિપ્રેક્ષ્યમાં, ભવિષ્યનાં બાળકોની માનસિકતાને ધ્યાનમાં રાખીને, આ આખા વિષયનો ઊંડાણથી વિચાર કર્યો છે. આ પુસ્તકમાં બાળસાહિત્યના વિષયો, તેમાંનાં ચિત્રો, તેની ભાષા, બાળકની વય, બાળસાહિત્યમાં સંપાદન – આ બધાં અંગે કૃતિઓનાં ઉદાહરણો આપીને તેની સર્વાંગી ચર્ચા કરી છે. ક્યારેક કટાક્ષ કર્યો છે તો ક્યારેક વાંચનારને સોંસરું ઊતરી જાય તેવી રીતે તેમણે પોતાના મુદ્દાઓને ઉજાગર કરી આપ્યા છે. ક્યારેક તો શીર્ષક જ વિષયના હાર્દને વ્યક્ત કરે છે. દા.ત. 'બાળસાહિત્ય એટલે બસ, ચલકચલાણું ?' આ પુસ્તકમાં મુકાયેલી બાબતો વિશે કેળવણીકારોએ ચિંતન કરવાની જરૂર છે. તેમણે અહીં કરેલી તાત્ત્વિક ચર્ચા શુષ્ક નથી. ગુજરાતી ગદ્યનું લાલિત્ય અને તેમના ગદ્યપ્રભુત્વ બંનેનો ભાવકને અનુભવ થાય છે. દા.ત. ''બાળકની સંવેદનાઓ કૂણી કળીઓ જેવી હોય છે, તો કિશોરની સંવેદનાઓ ફૂલની જેમ ઊઘડતી હોય છે.'' તેમણે બાળસાહિત્યકારોને પણ તેમની જવાબદારી સમજાવી છે. લેખકોના કાન પકડ્યા છે.

બાલસાહિત્ય વિશે અનેક લેખોમાં ઘણાં પરિમાણોથી વાત કરી છે. તો બાલવાર્તા અને બાલગીતો વિશે પણ ભલેને ટૂંકમાં, પણ ઊંડાણથી વાત કરી છે. આ લેખોમાં તેમની ધારદાર – સચોટ શૈલીનો ઉત્તમ પરિચય થાય છે. તો સાથે જ મેઘાણી, ઈશ્વર પરમાર, યશવંત મહેતા, શ્રદ્ધા ત્રિવેદી વગેરેના સર્જન-વિવેચન વિશે પણ મૂલગામી ચર્ચા કરી છે. તો એ જ રીતે બાળક અને લેખન, ગદ્યકૃતિ અને બાળક, બાળકો અને ગ્રંથાલય – જેવા મુદ્દાઓ વિશે પણ વિચારણા કરી છે. 'ગદ્યકૃતિ અને બાળક' લેખમાંનું આ વિધાન જુઓ : ''આ યુગ ખરેખર તો કળ-યુગ છે. કળ એ જાણી લે એટલે પત્યું.''

પણ તેમનું હૈયું ખૂલ્યું છે પ્રશ્નોત્તરીમાં. અહીંનો તેમનો ભાવાવેશ ભાવકને સ્પર્શી જાય તેવો છે. અહીં જે બે પ્રશ્નોત્તરી છે તે એક અર્થમાં માળામાંના મેરુ સમાન છે. પહેલી પ્રશ્નોત્તરીના કેન્દ્રમાં છે બાળસાહિત્ય. બીજીના કેન્દ્રમાં છે તે પોતે, સમાજ અને કેળવણી. આ પ્રશ્નોત્તરીમાં પુછાયેલા પ્રશ્નોના જવાબો તેમણે બહુ આક્રોશપૂર્વક આપ્યા છે. દા.ત. ''આજનો સંદર્ભ એટલે શું ? ગાંધીજીની કેળવણીની વાત શું કાલગ્રસ્ત થઈ ગઈ ? ....રવીન્દ્રનાથ અને ગાંધીજી બંનેએ ગરિમાના જે મહત્તમ વિશેષનું દૃષ્ટાન્ત પ્રત્યક્ષ કરી આપ્યું હતું તેનું દર્શન કરવા જેવી દૃષ્ટિ હવે આપણી પાસે રહી છે ખરી ? એવી ધીરજ આપણામાં છે ખરી ? એવું ઔદાર્ય ? એવી તિતિક્ષા ? તપ ? ... આપણે તો ઉતાવળમાં ઉતાવળમાં મોહનદાસ ગાંધીને પડતા મૂકી રાજીવ ગાંધીની આંગળી પકડી લીધી છે.''

આમ આ પુસ્તક સમગ્રતયા બાલસાહિત્યના સંદર્ભમાં બાલસાહિત્યકારને, શિક્ષણશાસ્ત્રીઓને, શિક્ષકોને, વાલીઓને દિશા દર્શાવે છે. આ પુસ્તકના સંપાદકો ડૉ. ઈશ્વર પરમાર અને ડૉ. હંસાબહેનને મોહનભાઈના આ લેખોને આ રીતે સુલભ કરાવી આપવા બદલ અભિનંદન ! બાલસાહિત્યના અભ્યાસી માટે આ એક મહત્ત્વનો સંદર્ભગ્રંથ છે.